
**જન્મ-મરણથી મુક્ત, મુમુક્ષુજીવને ઉત્તમ સમ્યક્ માર્ગ પ્રદાન કરનારા,**
**અપૂર્વ બોધિદાતાર એવા પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રીના સમાધિદિને**
**તેઓશ્રીના ચરણોમાં અત્યંત ભક્તિભાવપૂર્વક**
**કોટિ કોટિ વંદન હો !**



**દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,**
**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત.**

ભવસાગરમાં ડૂબતા જીવોને પરમ આધારભૂત, મોક્ષમાર્ગના રહસ્યોદ્દ્ઘાટક, દિવ્ય દેશનાના દાતા, મુમુક્ષુજીવોના જીવન શિલ્પી, કેવળ નિષ્કારણ કરુણામૂર્તિ, પરમ નિસ્પૃહ, ગહન વિચક્ષણતાના ધણી, પ્રચંડ પુરુષાર્થના ધારક એવા પૂજ્ય ભાઈશ્રીના ગુણાનુવાદ કરવાને સર્વથા અશક્તિમાન એવા અમ જેવા પામર જીવો કેવળ ભક્તિભાવથી પ્રેરાઈને આપના સમાધિદિને આપના ચરણોમાં નત મસ્તક થઈ, મન-વચન-કાયાના યોગે જે કાંઈ અપરાધ, અવિનય અને અશાતના થયા હોય તેની શુદ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. આપના દર્શાવેલા માર્ગે ચાલવાનો પ્રયત્ન કરીએ એ જ આજના દિવસે ભાવના ભાવીએ છીએ.

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૧ : અંક-૨૦૯, વર્ષ-૧૯, માર્ચ-૨૦૧૫

## અષાઢ સુદ ૪, રવિવાર, તા.૦૮-૦૭-૧૯૭૮, બહેનશ્રીના વચનામૃત-૯૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૩૨

**ધ્રુવતત્ત્વમેં એકાગ્રતાસે હી નિર્મલ પર્યાય પ્રગટ હોતી હૈ, વિભાવકા અભાવ હોતા હૈ. ૯૪.**

'**ધ્રુવતત્ત્વ મેં એકાગ્રતા સે હી નિર્મલ પર્યાય પ્રગટ હોતી હૈ,...**' યહાં ભી યહી આયા. ધ્રુવ જો જ્ઞાન કા સાગર, અતીન્દ્રિય આનંદ કા સાગર પ્રભુ (હૈ) વહ ધ્રુવ હમેશા રહનેવાલા હૈ. '**ધ્રુવતત્ત્વ મેં એકાગ્રતા સે...**' એકાગ્રતા પર્યાય હૈ. ત્રિકાલી ધ્રુવ મેં એકાગ્રતા સે (નિર્મલ પર્યાય હોતી હૈ). રાગ મેં એકાગ્રતા સે દુઃખ હોતા હૈ ઔર ધ્રુવતત્ત્વ મેં એકાગ્રતા હોને સે નિર્મલ પર્યાય પ્રગટ હોતી હૈ. રાગ મેં એકત્વ હોને સે દુઃખ ઉત્પન્ન હોતા હૈ ઔર ધ્રુવ તત્ત્વ મેં એકાગ્રતા હોને સે નિર્મલ પર્યાય નામ આનંદ કી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. સમજ મેં આયા ? સૂક્ષ્મ બાતેં કરતે હૈં ઔર કહતે હૈં સમજ મેં આયા ? બાપુ ! ઐસા માર્ગ હૈ, ભાઈ ! આહા..!

ધ્રુવ તત્ત્વ પર એકાગ્રતા સે (અર્થાત્) શાશ્વત ચીજ પર દૃષ્ટિ કરને સે, વહાં એકાગ્રતા હોને સે નિર્મલ વીતરાગી આનંદ કી દશા પ્રગટ હોતી હૈ. રાગ પર એકાગ્ર હોને સે દુઃખ કી દશા ઉત્પન્ન હોતી હૈ, આકુલતા કી દશા ઉત્પન્ન હોતી હૈ. ભગવાન ધ્રુવ આત્મા, ચારોં ઓર સે દૃષ્ટિ સમેટકર ધ્રુવ પર દૃષ્ટિ કરને સે, ઉસમેં એકાગ્ર હોને સે નિર્મલ પર્યાય પ્રગટ હોતી હૈ. ઉસમેં સે તો વીતરાગી અતીન્દ્રિય આનંદ કી દશા પ્રગટ હોતી હૈ. આહા..હા..! અતીન્દ્રિય આનંદ પ્રગટ હો, વહ ધર્મ (હૈ). આહા..હા..! ઐસી મહંગી ચીજ (હૈ).

ધ્રુવ તત્ત્વ મેં. લેકિન વહ તત્ત્વ હૈ ના ? આત્મતત્ત્વ હૈ ના ? હૈ તો ધ્રુવ હૈ ના ? બદલતી પર્યાય ભલે હો. પરંતુ વસ્તુ કી અપેક્ષા સે ધ્રુવ હૈ ના ! આહા..! સોના, સોનેરૂપ કાયમ રહકર, કડા, કુંડલ કી અવસ્થા હોતી હૈ. કડા, કુંડલ કી અવસ્થા ધ્રુવ નહીં. સોના, સોનારૂપ હમેશા હૈ. ઐસે અવસ્થા પલટતી હૈ પરંતુ વસ્તુ કી અપેક્ષા સે હમેશા ધ્રુવ હૈ. આહા..હા..! ઐસા ઉપદેશ ! યહ માર્ગ તો ઐસા હૈ, ભાઈ ! વર્તમાન મેં તો યે કરો, વ્યવહાર કરો, વ્યવહાર

સે નિશ્ચય હો જાયેગા. નિવૃત્તિ લો, સ્ત્રી-કુટુંબ છોડો, સન્યાસ લો, યે લો.. ધૂલ મેં ભી નહીં હૈ. આહા..હા..! બાહર કા ત્યાગ-ગ્રહણ તો સ્વરૂપ મેં હૈ હી નહીં.

ત્યાગ ઉપાદાનશૂન્યત્વ શક્તિ. આત્મા મેં ઐસી એક શક્તિ ગુણ હૈ કિ રજકણ કા ગ્રહણ કરના ઔર રજકણ કા છોડના ઐસા આત્મા મેં હૈ નહીં. પરદ્રવ્ય કો કૈસે ગ્રહે ઔર કૈસે છોડે ? માત્ર વિકારી દશા કો માના હૈ, ગ્રહણ કિયા હૈ, પર્યાય મેં અપના હૈ ઐસા માના હૈ. અપને ધ્રુવપર દૃષ્ટિ કરને સે રાગ કા ત્યાગ દૃષ્ટિ મેં હોતા હૈ, વહ (વાસ્તવિક) ત્યાગ હૈ. બાકી બાહર કા ત્યાગ (કિયા), કપડે બદલકર સન્યાસી હો ગયા ઔર પીલે કપડે પહન લિયે (વહ ત્યાગ નહીં હૈ). 'રજનીશ' પીલે કપડે પહનતા થા ના ? અરે..! શરીર હી જહાં ઉસકા હૈ નહીં તો કપડે ઉસકે કહાં સે હો ગયે ? આહા..હા..!



**'ધ્રુવતત્ત્વ મેં એકાગ્રતા સે હી...'** એકાગ્રતા સે હી. રાગ કી એકાગ્રતા સે નિર્મલ પર્યાય કભી નહીં હોતી. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ કોઈ ભી વિકલ્પ હો, ઉસ રાગ સે કભી નિર્મલ પર્યાય નહીં હોતી, ક્યોંકિ રાગ સ્વયં મલિન હૈ. મલિનમેં સે મલિન પર્યાય હોતી હૈ. ભગવાન ત્રિકાલી આનંદ શુદ્ધ નિર્મલ હૈ, ઉસમેં એકાગ્રતા હોને સે નિર્મલ સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ ઐસી નિર્મલ પર્યાય પ્રગટ હોતી હૈ. યે નિર્મલ પર્યાય પ્રગટ હુઈ, વહ ધર્મ હૈ. રાગ પ્રગટ હુઆ, વહ અધર્મ હૈ. આહા..હા..! આયા ?

**'વિભાવ કા અભાવ હોતા હૈ.'** દો બાતેં કહી. વ્યય, ઉત્પાદ ઔર ધ્રુવ, તીનોં બાત ડેઢ પંક્તિ મેં લે લી. ક્યોંકિ વસ્તુ 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્' (હૈ). નયી અવસ્થા ઉત્પન્ન હોતી હૈ, પુરાની અવસ્થા વ્યય હોતી હૈ ઔર અપની ચીજ ધ્રુવ સ્વરૂપ સે હમેશા રહતી હૈ. આહા..હા..! અબ ધ્રુવ જો ચીજ હૈ ઉસમેં એકાગ્ર હો તો ઉસમેં તો નિર્મલતા ભરી હૈ તો નિર્મલ પર્યાય પ્રગટ હોતી હૈ. ઉત્પાદ્. ઔર વિભાવ જો રાગ હૈ ઉસકા વ્યય હોતા હૈ ઔર ધ્રુવ કા તો આશ્રય હૈ. આહા..હા..! સમજ મેં આયા ? યહ સૂત્ર તો બહુત પ્રસિદ્ધ હૈ-'ઉત્પાદ્-વ્યય-ધ્રુવ યુક્તં સત્'.

ઉત્પાદ-વ્યય-ધ્રુવ (નામ કા) ભી આત્મા મેં એક ગુણ હૈ. ૪૭ શક્તિ. થોડી સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! યહ તો અવલદોમ કી બાત હૈ. સંસાર કી પરિપાટી સે યહ ભિન્ન ચીજ હૈ. ક્યા કહતે હૈં ? અંતર મેં આત્મા જો હૈ ઉસમેં ઐસા એક ગુણ હૈ, ઐસી શક્તિ હૈ કિ ઉત્પાદ-વ્યય-ધ્રુવ હો ઐસા ઉસકા એક ગુણ હૈ. ઉત્પાદ ઔર વ્યય કરના પડે ઐસા નહીં. આહા..હા..! ભગવાનઆત્મા ધ્રુવ મેં એક ધ્રુવ ગુણ હૈ કિ જિસમેં એકાગ્ર હોને સે ઉત્પાદ-વ્યય-ધ્રુવ કે કારણ નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઔર પૂર્વ કી વિભાવ પર્યાય કા

નાશ હોતા હૈ ઔર ધ્રુવ કા આશ્રય હમેશા રહતા હૈ. દૃષ્ટિ મેં તીન નહીં હૈ, દૃષ્ટિ મેં ધ્રુવ એક (હૈ). લેકિન દૃષ્ટિ ધ્રુવ પર હોને સે નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઔર પૂર્વ કી મલિન પર્યાય કા વ્યય-નાશ હોતા હૈ. આહા..હા..!

જૈસે લોહા હૈ, લોહા. લોહા.. લોહા..! કાટ હૈ ના ? જંગ.. જંગ. ઐસે છૈની મારે, છૈની. છૈની મારને સે કાટ કા જંગ કા વ્યય હોતા હૈ ઔર અંદર જો પ્રકાશ હૈ ઉસકી ઉત્પત્તિ હોતી હૈ ઔર લોહા તો હમેશા રહતા હૈ. આહા..હા..! લોહા હોતા હૈ ના ? લોહા. ઉસમેં જંગ હોતા હૈ ના ? જંગ. હમારી ભાષા મેં કાટ કહતે હૈં. જબ જંગ પર છૈની મારે, છૈની.. છૈની, તો જંગ કે અંશ કા નાશ હોતા હૈ ઔર લોહા તો સફેદ હૈ ના ? સ્ટીલ આદિ. સફેદ પર્યાય ઉત્પન્ન હોતી હૈ, જંગ કા નાશ હોતા હૈ, લોહસ્વરૂપ તો હમેશા હૈ.

ઐસે ભગવાનઆત્મા ધ્રુવ પર દૃષ્ટિ કરને સે નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. ધ્રુવ તો હૈ હી. ઉસકી એકાગ્રતા સે નિર્મલ પર્યાય ઉત્પન્ન હોતી હૈ (વહ) ઉત્પાદ (હુઆ). પૂર્વ કા વિભાવ હૈ ઉસકા વ્યય હોતા હૈ (વહ) વ્યય (હૈ). ઔર હમેશા રહનેવાલી ચીજ પર આશ્રય હૈ (વહ) ધ્રુવ (હૈ). તીનોં વહાં આ ગયે. આહા..હા..! સમજ મેં આયા ? એક સૂક્ષ્મ બાત આયી, ફિર દૂસરી, ફિર તીસરી.. ઈસમેં પકડના કૈસે ? લોગોં કો અભ્યાસ નહીં હૈ. સબ પાપ કા અભ્યાસ. દુનિયા કે સયાને.

મુમુક્ષુ : કમાઈ કરના પાપ હૈ ?

ઉત્તર : કમાઈ કરના પાપ કા ઢેર હૈ. દવાખાને મેં વિકલ્પ કરના કિ ઈસકી દવા, ઉસકી દવા વહ સબ પાપ હૈ. અરે..! પૈસા આયા ઐસા મેરા ભાવ ભી પાપ હૈ. મૈં કમાયા ઐસી માન્યતા ભી પાપ હૈ ઔર મૈંને પર કો પૈસે દિયે તો પૈસા મેરા થા તો મૈંને દિયા. મેરા હૈ-ઐસી માન્યતા ભી પાપ હૈ. પૈસા તો જડ હૈ, તેરા કહાં સે આયા ? આહા..હા..! જગત કી ચીજ બહુત કઠિન, બાપુ !

મુમુક્ષુ : યે તો ઐસા લગતા હૈ કિ હમ ચૌબીસ ઘંટે પાપ હી કરતે હૈં.

ઉત્તર : પાપ હી કરતે હૈં, ઉસમેં ક્યા ? અભી તક ક્યા કિયા ? પૈસા કમાકર પાપ કિયા. ફિર લડકે કો પૈસે દિયે. પઢાઈ કરને કો 'અમેરિકા' ભેજા. ૩૫ હજાર ખર્ચ કરકે. ઉનકે પુત્ર કો પઢાયા. અભી તો આઠ હજાર કા પગાર હૈ, 'મુંબઈ' મેં એક મહિને કા આઠ હજાર કા (પગાર હૈ). વકાલત મેં પાપ કિયે. સલાહ લેને કો આતે થે તો સબસે રૂપયા લેતે થે. આહા..હા..!

મુમુક્ષુ : વહ ભી પાપ થા ?

ઉત્તર : એકાંત પાપ. ઔર યે સબ સલાહ લેને આતે થે. ક્યા કહતે હૈં ? 'ગાંધીજી' કે લાઈન કે. સલાહ લેને આતે થે, વહ ભી પાપ.

મુમુક્ષુ : ઉસમેં તો લોગોં કા ભલા હોતા હૈ.

ઉત્તર : ધૂલ મેં ભી ભલા હોતા નહીં. જેલ મેં ગયે થે. એક મહિના જેલ મેં ગયે થે. 'ગાંધીજી' કી લાઈન મેં સલાહ દેતે થે તો સરકાર ને પકડા. આહા..હા..! દેશ કી સેવા કરને કી સલાહ દે વહ ભી પાપ (હૈ).

મુમુક્ષુ : મોક્ષ કી અપેક્ષા સે પાપ હૈ.

ઉત્તર : પાપ હી હૈ. વસ્તુ કા સ્વરૂપ હી ઐસા હૈ.

મુમુક્ષુ : લૌકિક અપેક્ષા સે અચ્છા હૈ, ઐસા કહતે હૈં.

ઉત્તર : લૌકિક અપેક્ષા સે પાપ હૈ. લોગ તો પાગલ હૈ તો પાગલ તો અચ્છા-અચ્છા કહે. પાગલ અચ્છા કહે, ઉસ પાગલ કી કીમત ક્યા ? પાગલ કા.. ક્યા કહતે હૈં ? રિપોર્ટ ? સર્ટિફિકેટ. પાગલ કે પાસ

સર્ટિફિકેટ લેતા હૈ, બહુત અચ્છા હૈ, ઉસકા અર્થ ક્યા ? દુનિયા તો પાગલ હૈ.

મુમુક્ષુ : ધંધા કે લિયે..

ઉત્તર : ધંધે કે લિયે કરતા હૈ વહ પાપ. આહા..હા..! પૈસા કમાને કે લિયે રાગ કરતા હૈ વહ પાપ ઔર પૈસા દેને મેં પૈસા મેરા હૈ, ઐસા માનકર દેના, વહ પાપ (હૈ). ઔર પૈસા દેને મેં રાગ મંદ કિયા હો તો મુજે લાભ હુઆ, વહ ભી પાપ.

મુમુક્ષુ : યે તો મોક્ષકા ક્લાસ હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : યે બાત તો સચ્ચી. યે તો ક્લાસ હૈ, આહા..હા..! મોક્ષ કી કૉલેજ હૈ. મોક્ષ હોને કી કૉલેજ હૈ. આહા..હા..! આજ તો દો બોલ હી ચલે. આયા ના ?

**'ધ્રુવતત્ત્વ મેં એકાગ્રતા સે હી...'** પર્યાય મેં એકાગ્રતા સે નહીં. પરદ્રવ્ય કી લેનદેન પાપ હૈ. અપને ત્રિકાલી ધ્રુવતત્ત્વ મેં એકાગ્રતા સે હી નિર્મલ દશા પ્રગટ હોતી હૈ ઉસકા નામ ધર્મ, વીતરાગતા (હૈ). આનંદ, શાંતિ, સંતોષ, સ્વચ્છતા, પ્રભુતા ઐસી નિર્મલ દશા હોતી હૈ. ઔર **'વિભાવ કા અભાવ હોતા હૈ.'** પૂર્વ મેં જો વિકાર થા, ઉસકા અભાવ હોતા હૈ. ઔર ભાવ કે આશ્રય મેં નિર્મલ ભાવ કી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. ત્રિકાલી ભાવ કે આશ્રય સે નિર્મલ ભાવ કી ઉત્પત્તિ હોતી હૈ ઔર મલિન ભાવ કા નાશ હોતા હૈ. યહ વસ્તુ કા સ્વરૂપ હૈ, બાપુ ! ઉસે થોડા સમજના પડેગા. (વિશેષ કહેંગે...) (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૦૪ મી જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની આગામી ૧૦૪ મી જન્મજયંતિ તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૨૭-૪-૨૦૧૫ થી તા.૨૯-૪-૨૦૧૫ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઉજવવામાં આવશે.


આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઉજવવામાં આવશે.

તા.૨૯-૪-૨૦૧૫, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં ભારતવર્ષીય સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે. આવનાર મુમુક્ષુઓ સંખ્યા સહિત પોતાની આવવાની વિગત સંસ્થાના કાર્યાલયમાં જણાવે તેવી વિનંતી.

સંપર્ક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

આયોજક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૫૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૨૭-૫-૧૯૮૩, પ્રવચન નં.૧૧૨ (વિષય : વિધિ)**

**આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને પુદ્ગલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે. જાણન શક્તિ ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. ૨૫૪.**

ઉચ્ચપદધારી નીચપદમાં મોટાઈ માનીને રાચે તો એના જેવી બીજી કઈ ભ્રમણા સમજવી ? રાજા ઊઠીને ભ્રમણાથી દાતણ માગવા નીકળે, એની કાંઈ કિંમત નથી, અત્યારે વળી થોડી કિંમત થઈ હશે, પહેલા તો મફત આપી દેતા હતા. દાતણવાળા દાતણ મફત જ આપી જાય. એને પ્રસંગે કાંઈ આપી દે. ઘરે પ્રસંગ હોય ત્યારે કે વાર તહેવારે આપે (એટલે) બારે મહિના (દાતણ) મફત આપી જાય. હવે એ મફતની ચીજમાં એ રાચે, મને મળી ગયું, મને દાતણ મળી ગયું. એલા ! પણ તું રાજા, તારા ઘરે દોમ-દોમ સાહેબી અને એક દાતણ મળ્યું એમાં નાચવા માંડ્યો ! એમ તું સર્વોત્કૃષ્ટ સિદ્ધપદ ને કોઈકે જરાક માન આપ્યું ત્યાં તું રાચવા અને નાચવા માંડ્યો. કહે છે કે એ તારી ભ્રમણા છે. એમાં તારા પદનું ભાન ખોવાઈ જાય એવું મોટું નુકસાન છે.

મુમુક્ષુ :- વ્યવહારમાં...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારમાં હુંપણે ક્યાં સુધી ઊભા રહેવું છે ? એટલો સવાલ છે. વ્યવહારમાં હુંપણે ક્યાં સુધી ઊભા રહેવું છે ? એમ છે. ગૌણ થઈ જવું જોઈએ. હમણાં એ વિષય ચાલ્યો, ભાઈ ! ગૌણ થઈ જવું જોઈએ. ખ્યાલ આવે કે આ માન આપતા નથી. ગૌણ થઈ જવું જોઈએ. ખ્યાલ આવે કે આ માન આપે છે. તો ગૌણ થઈ જવું જોઈએ. માન અને અપમાન બેય ગૌણ થઈ જવું જોઈએ. તો આત્મા મુખ્ય થવાનો અવસર આવે. નહિતર કોઈ રીતે આમાંથી છૂટાય એવું નથી. એવો આ પ્રકાર છે.

અહીં તો બહુ સુંદર આ વાત છે. ઊંડાણ ઘણું છે. આ વિષયનું અંતર ઊંડાણ ઘણું છે. વિશાળતા ભલે એ વિષયની ન લાગે. આ ચેતનાગુણમયપણું કહી દીધું. આ તો આટલી જ વાત છે કે આત્મા ચેતનાસ્વભાવસ્વરૂપ છે. એટલી જ વાત છે. પણ એટલી વાતમાં ઊંડાણ ઘણું છે. કેટલું ઊંડાણ છે એમ જો વિચારવામાં આવે તો જેમાં ઊંડા ઊતર્યા પછી સાદિ અનંત કાળ રહી જવાય એટલું ઊંડાણ છે. કેટલું છે ?

સામાન્ય રીતે માણસને એમ લાગે છે કે એક ને એક આત્મામાં ટકાય કેટલું ? આત્મા ચૈતન્યસ્વરૂપી આત્મા. લ્યો ! આત્મા ચૈતન્યસ્વરૂપી આત્મા. હવે એમાં અનેક જાતના વિચાર-વિકલ્પ અને વિશાળતા કાંઈ થતી હોય તો એમાં ને એમાં સમય જાય. નવું નવું એની અંદરથી કાંઈ આવે તો સમય જાય. પણ એકલું ચૈતન્યપણું, એકલું ચેતનાગુણમયપણું, ચૈતન્યસ્વભાવ, ચૈતન્યમૂર્તિ આત્મા. પણ એમાં શું ? એટલામાં ટકાય કેવી રીતે ? આમ બહિર્મુખ, બહિદૃષ્ટિથી એવું લાગે છે. પણ

એ વિષય એવો નિરસ નથી પણ આત્માના રસથી સભર થાય, ભરપૂર થાય એવો એ વિષય છે. જો એના ઊંડાણમાં જાય તો. નહિતર એને નિરસ લાગે કે આત્મા ચૈતન્યસ્વભાવી આત્મા. આત્મા એટલે ચૈતન્ય, ચૈતન્ય એટલે આત્મા. ચાલો કાંઈ નહિ. હવે બીજું કાંઈક. પછી શાસ્ત્રને વળગે તો એમાંથી નવું નવું જાણવા અને નવું નવું સમજવામાં રોકાય અને નહિતર દુનિયાના ઉદયના પ્રસંગો કાંઈ ઓછા નથી.

જીવને સંચિત કર્મોનો ઉદય ધારાવાહી આઠેય કર્મનો ચાલતો હોવાથી બહારના પ્રસંગો કાંઈ ઓછા નથી. નિરંતર એ પરસન્મુખતામાં પરદ્રવ્ય પ્રત્યે રોકાયેલો રહી જાય એવી પૂર્વવ્યવસ્થા તો છે, એવી પૂર્વની વ્યવસ્થા તો છે. અનેક પ્રકારના ઉદય એને ચાલુ ને ચાલુ, ચાલુ ને ચાલુ જ રહે અને એમાં એના પરિણામ જોડાયેલા ને જોડાયેલા જ રહે અને અનંત કાળ એમાં ચાલ્યો જાય. કેમ કે પાછા નવા બંધાય એનો ઉદય આવે, વળી નવા બંધાય એનો ઉદય આવે. આમ ને આમ અનંત કાળ જીવે કાઢ્યો છે.

એને અહીંયાં કહે છે કે, ભાઈ ! એમાંથી પાછા ફરીને તે તે પુદ્‌ગલો, જડ પદાર્થો, અજીવો, રાગ અને વિકલ્પથી ભિન્ન પડવા જેવું છે. એમાં જોડાવા જેવું તો નથી પણ એનાથી ભિન્ન પડવા જેવું છે. અને એ ભિન્ન પડવાનું સાધન ચેતનાગુણમયપણું છે. ચેતના સ્વભાવ છે, ચૈતન્ય-ચૈતન્યને પકડે. ચૈતન્યનો સ્વભાવ અનુભવ કરવાનો છે અને અનુભવ કરવાનો સ્વભાવ પોતાના જ અનુભૂતિસ્વરૂપ આત્માને અનુભવમાં લે. આમ તો અનુભવમાં આબાળગોપાળને આવી જ રહ્યો છે. આબાળગોપાળને અનુભવમાં તો આવી જ રહ્યો છે. પણ જરાક જાગૃત થઈને. બીજું બધું ગૌણ કરીને પોતામાં અને પોતામાં પોતાના અનુભવને આવિર્ભૂત કરીને, ચેતનાને, અનુભવને મુખ્ય કરીને, મુખ્ય કર્યું એને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. એ એનું સાધન છે. એ સિવાય, કોઈ સાધન છે એમ કહેતા વિચારવા અર્થે એ વાત સ્પષ્ટ કરવામાં આવે છે કે બીજું કોઈ સાધન પણ નથી. આમ છે. આ એક જ સાધન છે અને બીજું સાધન નથી. પણ શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો તે સાધન ખરું કે નહિ ? કે એ સાધન નહિ.

ચેતનાગુણને વધારે અનુભવ કરવા માટે બાહ્યપદાર્થોનો ત્યાગ કરવો કે જેથી એનો અનુભવ કરવાનો પ્રસંગ ન રહે. ત્યાગ કરીએ તો એને અનુભવનો પ્રસંગ ન રહે ને ! ગળપણનો અનુભવ ન કરવો હોય તો ગળપણનો ત્યાગ કરી નાખવો. ઠીક ! એ એનું સાધન ખરું કે નહિ ? એનું કોઈ એ સાધન નથી. તમામ પ્રકારના સાધનાંતરનો આમાં નિષેધ છે. એક સાધન બતાવીને એમ કહે છે કે બીજા સાધનોનો આમાં નિષેધ છે. બીજા સાધનો સાધનો તરીકે નામ ત્યારે પામે છે એટલે કે બાહ્ય પદાર્થોનો ત્યાગ અને સત્શાસ્ત્રોનું અધ્યયન, એને સાધન એવું નામ ત્યારે મળે છે કે અંતરંગમાં જ્યારે ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરીને સાધન બનાવે ત્યારે. ઉપચારથી એ બાહ્ય ક્રિયાને સાધન કહેવામાં આવે છે. નહિતર એ ખરેખર સાધન છે નહિ. એમ લેવું.

આમાંથી કોશીશ કરે, ચૈતન્ય સ્વભાવને અનુભવવાનો પ્રયાસ કરે ત્યારે એમાંથી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય એવું છે કે આમાં આમ તકલીફ થાય... આમ તકલીફ થાય છે... આમ તકલીફ થાય છે. ચૈતન્યસ્વભાવને અનુભવ કરવાની ભાવના તો છે. ઈચ્છા છે. ભાવના છે. પણ બીજા બીજા વિચારો એટલા આવે છે અને ચાલુ રહે છે કે એ ચૈતન્યસ્વભાવનું ગ્રહણ એટલે અનુભવ થતો નથી. આ પ્રશ્ન સંભવિત પ્રશ્ન છે. તમે ન કરો તો ઉઠાવીએ. બીજાં બીજાં કામ એટલા પડ્યા છે કે એક તો જીવને એની ઉપાધિ માથે રહે છે કે આ કરવાનું છે... આ કરવાનું છે... હજી આ કરવાનું છે... આ કરવાનું છે... એ ઉપાધિનો પોટલો માથે લઈને ફરે છે. એટલે એ અનુભવ કરવા તો મોટા ભાગે નવરો થતો નથી. બોજા વગરનો થાય ને. બીજો ભારે ઉતારે હળવો થાય

ત્યારે આ કામ કરને ? માથે બીજો ભાર હોય ક્યાંથી થાય ?

દૃષ્ટાંત એવું આવે છે કે ચંદ્ર માથે આવેલો. માથે ચંદ્ર આવેલો અને એ ચંદ્રની સામે જોવા માટે કોઈએ એમ કહ્યું કે ભાઈ જરાક ઊંચું જુઓ તો ચંદ્રના દર્શન થાય. તો ઊંચું જોનારને માથે એટલો ભારનો પોટલો ઉપાડેલો હતો કે આમ જોઈ શકે એવું નહોતું. ડોકું આમ થાય ત્યારે ને ? ભારને કારણે માથુ આમ વળે, ઊંચું થાય એ પરિસ્થિતિ નહોતી. એટલે એને ચંદ્રના દર્શન થતાં નહોતા. એમ ઉપાધિના બોજા નીચે જીવ દબાયેલો છે ત્યાં સુધી એને ચૈતન્યચંદ્રના દર્શન કરવાનો અવકાશ રહેતો નથી. એક તો જાણે આ કારણ છે. આ તો જરા વિષયને ચર્ચીએ છીએ. પણ તો શું કરવું હવે ? બધા કામનું થાય શું પણ હવે ? જે કામની અમારે ઉપાધિ આવી પડી હોય એનું કરવું શું ? કે ભાઈ ! ઉપાધિ ત્યાં સુધી છે, એ ઉપાધિ તને ત્યાં સુધી છે કે જ્યાં સુધી તેં એની કિંમત આપી છે ત્યાં સુધી છે. એ કિંમત વગરની ચીજ છે. જે જે કાળે જે જે ઉદય, ઉદયના ક્રમમાં આવવાનો છે, તે તે કાળે તે તે ઉદય ઉદયના ક્રમમાં આવવાનો જ છે. આ આત્મા તો અત્યારે અને તે કાળે અને સર્વકાળે જ્ઞાતા-દૃષ્ટા જ છે. એમ એણે ઉપાધિને જ્ઞાતા-દૃષ્ટા છું એવા જોરથી ખંખેરી નાખવી જોઈએ.

કાલે આમાંથી એક બોલ વાંચ્યો. 'પરમાગમસાર'માંથી. જ્ઞાનને કેળવવું જોઈએ. જેમ રોટલીના લોટને કેળવવામાં આવે છે, એમ જ્ઞાનને કેળવવું જોઈએ. બનતા સુધી ૬૦૦મો હતો. ભૂલ ન થઈ હોય તો. વાંચ્યા હતા તો ઘણા પણ. ૬૦૦ જ છે. ૧૬૭ પાને નીચે. **'જેમ રોટલીના લોટને કેળવે છે...'** આ રોટલીનો લોટ છે ને ? એમાં લોટ ને પાણી બે જ છે. ત્રીજી ચીજ નથી. રોટલી બનાવે ત્યારે કાંઈ બીજી ચીજ અંદર વાપરવામાં આવતી નથી. તો લોટનો ઢગલો હોય. આ ત્રાસમાં-કથરોટમાં શેર-બે શેર લોટ લે છે. એમાં નાખે પાણી. થઈ ગઈ કણીક ? બસ. બે ચીજ તો થઈ ગઈ. લોટ અને પાણી બે ચીજ તો ભેગા કરી નાખ્યા. એમ નહિ. લોટ અને પાણી ભેગા કરવા જેવડી આ વાત નથી પણ ભેગા કર્યા પછી એને કણીકને ટૂંપવી પડે છે. ટૂંપે છે એમ કહે છે ને ? કેળવે છે. એમ કહેવામાં આવે છે. એ લોટ ને પાણી મળવા ઉપરાંતની એક વિશિષ્ટ અવસ્થા છે. ભેગા થયેલા લોટ અને પાણીની એક વિશિષ્ટ અવસ્થા છે.

એમ અહીંયાં એમ કહે છે કે તને ગ્રહણ કરવાની વાત આવી, સ્વ-પર પદાર્થની ભિન્નતા સમજાણી તને, ચૈતન્યને મુખ્ય કરવા જેવું છે સમજાણું તને, રાગ અને પરને ગૌણ કરવા જેવું છે સમજાણું તને એમ નહિ. હવે કેળવવાની વાત છે એની અંદર. માત્ર સમજણ નહિ એની કેળવણી કરવાની વાત છે. એ વિષય બહુ સારો અહીંયાં લીધો છે.

**'જેમ રોટલીના લોટને કેળવે છે તેમ એણે આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ.'** લ્યો ! કેળવવો જોઈએ એમ નહિ, જ્ઞાનથી કેળવવો જોઈએ. એટલે શું ? શબ્દો તો આટલા છે. એને પોતાને જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ છે. જ્ઞાનને જ્ઞાનનો અનુભવ છે, જ્ઞાનને સિવાય જ્ઞાન બીજાનો અનુભવ થવો અશક્ય અને અસંભવિત છે. એ વાત એણે વારંવાર પોતાના અનુભવમાં, અવલોકનમાં લેવી જોઈએ. વારંવાર અવલોકનમાં લેવું તે અનુભવ બાજુ જવાનો એક પ્રયાસ છે.

અનુભવ ક્યારે થાય ? કેમ થાય ? એવા પ્રશ્નનો સીધો ઉત્તર આ છે કે અનુભવનો પ્રયાસ કરે તો અનુભવ થાય. સિવાય અનુભવ બીજો પ્રયાસ કરે તો કદિ અનુભવ ન થાય. એ અનુભવનો પ્રયાસ શું છે ? કે વારંવાર જ્ઞાનમાં જ્ઞાનનું જ્ઞાનાનુભવનું અવલોકન કરવું અને એ રીતે એને જ્ઞાનથી આત્માને જ્ઞાનરૂપે કેળવવો કે હું જ્ઞાનમયપણે છું, ચૈતન્યમયપણે છું, અનુભવરસમયપણે છું. એમ એણે આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ. આ જ્ઞાનથી જ્ઞાનને કેળવવા જતાં... આ વિચારની ભૂમિકા છે ને હજી ?

જે વિકલ્પ વિચાર અને રાગ ચાલે છે એમાં એને દુઃખ લાગ્યા વિના રહેશે નહિ. દુઃખ છે અને દુઃખ નથી લાગતું એનું કારણ ? કે એણે જ્ઞાનને કેળવ્યું નથી.

**'એને ભાવ-ભાસન થવું જોઈએ.'** આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ એટલે કે એને ભાવભાસન થવું જોઈએ. શું ભાવભાસન થવું જોઈએ ? કે હું એકાંતે ચેતના સ્વભાવે છું, એકલો જ્ઞાન સ્વભાવે છું, અનંત અનંત જ્ઞાન આદિ સામર્થ્ય, અનંત ચૈતન્ય સામર્થ્ય એ મારું સ્વરૂપ છે એવું એને લાગવું જોઈએ. એને ભાસ્યું એમ કહેવામાં આવે છે. જેમ ઠંડુ-ઊનું લાગે છે, ખારું-ખાટું લાગે છે, એમ આ પણ એને લાગવું જોઈએ. અંદરમાં લાગવું જોઈએ. એવું એને (અંદર) ભાવભાસન થવું જોઈએ. એનું આ લક્ષણ છે કે... અહીંયાં બહુ વાતને સ્પષ્ટ કરી છે આ જગ્યાએ. કે ભાવભાસન થયું છે એમ કેમ ખબર પડી ? આમ તો બુદ્ધિગોચર તો થાય છે, એને ભાસ્યું કેમ ન કહેવાય ? આત્મા અનંત શક્તિધારક તત્ત્વ છે, અનંત મહિમાવંત ચૈતન્યતત્ત્વ છે એવું તો જ્ઞાનમાં આવે જ છે, બુદ્ધિમાં આવે છે એટલે જ્ઞાનમાં આવે છે. છતાં એ ભાસ્યું નથી એનો અર્થ શું ?

**'ભગવાન કહે છે માટે નહિ...'** ભગવાન કહે છે માટે નહિ. **'પણ એને પોતાથી...'** પોતાનો સ્વરૂપનો **'ભાવ ભાસવો જોઈએ...'** નમો સિદ્ધાંણનો અર્થ એને ત્યારે ભાસે. અત્યારે હું મનુષ્યપણે તો નથી, પહેલાં ગુણસ્થાને તો નથી, ચોથા ગુણસ્થાને તો નથી પણ ચૌદ ગુણસ્થાનથી પાર એવા સિદ્ધપદસ્વરૂપે છું. એવો પોતાનો સિદ્ધપદનો ભાવ ભાસવો જોઈએ. ભગવાને કહ્યું છે માટે નહિ. જેમ એકડો શીખતો હતો ત્યારે માસ્તરે શિખડાવ્યો ત્યારે શીખ્યો. હવે અત્યારે ? અત્યારે માસ્તર કહે છે કે આ એકડો એટલા માટે નહિ. હવે તો હું કહું છું કે આ એકડો. એમાં માસ્તર ભૂલ કરે તોપણ હું પકડી પાડું. કોઈ માસ્તર આ બાજુ મીંડું કરે, લ્યો ! હિન્દીમાં નવ લખે છે ને ? એવી રીતે ગુજરાતીનો એકડો કરે. આ બાજુ ડાબી બાજુ હોય છે ને એનું મીંડું અને લીટો જમણી બાજુ હોય છે. એના બદલે જમણી બાજુ મીંડુ કરે અને માસ્તર એનો જેની પાસે એકડો શીખ્યો (એ એમ કહે), જુઓ ! આ એકડો. એમ કહે તો ? નહિ. સાહેબ તમે કેમ ભૂલ કરી આ ? માસ્તર સાહેબ ! તમે આ ભૂલ કરી છે. આ એકડો નથી. એકડો આવો નથી. તમે આવો શીખડાવ્યો નથી અને હું આવો શીખ્યો નથી. એમ એને સ્વતંત્ર જે ભાસવું છે એ ભગવાન કહે છે માટે નહિ, શાસ્ત્ર કહે છે માટે નહિ, ગુરુ કહે છે માટે નહિ પણ મને પોતાને મારો આત્મા, મારા જ્ઞાનમાં, મારાથી જ આવો ભાસે છે. એને એ ભાવભાસનનું એક લક્ષણ ગણવામાં આવ્યું છે. અનેક લક્ષણ છે એનું આ પણ એક લક્ષણ છે.

**'એને પોતાથી ભાવ ભાસવો જોઈએ કે હું આવો મહિમાવંત ચૈતન્ય પદાર્થ છું.'** આવો એમાં બધા ગુણ આવી ગયા. એને ભેદ પાડવાની જરૂર રહી નહિ. અભેદપણે. અને એમાં આગળની સમજણ આવી જાય છે કે એની સન્મુખ થવાથી આવા મહિમાવંત ચૈતન્યપદાર્થની સન્મુખ રહેવાથી **'સંસારના દુઃખથી છૂટકારો થાશે...'** અથવા સર્વ પ્રકારના રાગાદિ દુઃખભાવથી છૂટવાનું થશે, અભાવ થશે એમ એને રાગનો અભાવ થયા પહેલાં જ ભાસી જાય છે. આ એને ભાસી જાય છે. તેથી એની સન્મુખ થવાનો એનો પ્રયત્ન વારંવાર ચાલુ રહે છે.

શું આપણે શેમાંથી એ વિષય ચાલ્યો ? આ ચૈતન્યગુણમયપણે છું, ચૈતન્યસ્વભાવે છું એમ અનુભવ કરવા જતાં બીજા વિકલ્પ વચમાં આડા આવે છે એટલે કે કાઢ્યા જાતા નથી. એમ છે ને ? કેમકે એક તો એ ઉપાધિમાંથી નિવૃત્ત થયો નથી. પોતાના માથે અનેક પ્રકારની જવાબદારીનો પોટલો લઈને ફરે છે. એ એને ખંખેરી નાખવા જેવું છે. જ્યારે જે કાળે જેમ બનવાનું

હશે એમ બનશે. આ શરીરથી માંડીને સરોગ-નિરોગપણું, શરીરના છૂટવાનો કાળ એ સર્વ પ્રકારના બનાવથી માંડીને તમામ સંયોગોનું જ્યારે જેમ બનવાનું હશે એમ બનશે. હું જ્ઞાતા-દૃષ્ટા છું. અત્યારથી જ જ્ઞાતા-દૃષ્ટા છું અને જે જે પ્રસંગો, કર્મપ્રસંગો ઉત્પન્ન થશે ત્યારે પણ હું જ્ઞાતા-દૃષ્ટાપણે જ છું અને રહેવાનો છું. એમ એને એક બાજુ જે નાસ્તિનો બોજો માથે છે, નથી એવા કાર્યો, જે આત્મામાં નથી એવા કાર્યોનો બોજો માથે છે એની ઉપાધિ અને વ્યાધિ એણે છોડી દેવી જોઈએ.

મુમુક્ષુ :- પોતાની ફરજ ચૂક્યો નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ છે જ નહિ એની ફરજ. આત્માનું ભાન ખોઈ બેસે એ ફરજ ચૂક્યો એવું કાંઈ નહિ એને ?

મુમુક્ષુ :- ફરજ બજાવવી જોઈએ ને પોતાની ?

પૂજ્ય ભાઈશ્રી :- પણ પોતાનું જ ભાન ભૂલ્યો ત્યાં એને કાંઈ ફરજ જેવું ન લાગ્યું ? બહુ કરી. અને જગતના કાર્યો જે કરી શકતો નથી પાછો, જગતના કાર્યો જે કરી શકતો નથી એને કર્તાપણે માનીને એની ફરજનો બોજો ઉપાડીને ફરે ત્યાં સુધી એને ચૈતન્ય સન્મુખ થવાનો અવસર આવે નહિ. જેમ ચંદ્રના દર્શન ન થાય તેમ. આટલો હળવો થઈ જાય કે આ જગતમાં મારે કાંઈ કર્તવ્ય નથી, એક સ્વકાર્ય સિવાય. મારા સ્વકાર્ય સિવાય મારે કાંઈ કર્તવ્ય નથી. એને બીજા વિકલ્પોનો વેગ કાંઈક હળવો પડે છે. હજી નાશ પામવા માટે તો પ્રયત્ન જુદો છે આખો. પણ એનો એને વેગ પહેલા ઓછો થાય. વેગ ઓછો થાય ત્યારે સ્વકાર્યને કરવાની ધગશવાળો જીવ એને હજી ઉદય તો છૂટ્યા નથી. પૂર્વકર્મ સંચિત ઉદયમાં ક્રમસર ધારાવાહી ચાલ્યા આવે છે. એ સર્વ ઉદયના પ્રસંગમાં સાવધાન થાય છે. સર્વ ઉદયના પ્રસંગમાં એ ઉદયથી ભિન્ન હું જાણનાર છું, એમ એ જ્ઞાનને કેળવવા પ્રત્યે લાગી જાય છે. આ અંદરમાં એક બીજો Process ચાલુ થઈ ગયો. એણે એના જ્ઞાનને કેળવવાની વાત રહી. એ જ્ઞાનને કેળવાતા-કેળવાતા ભાવભાસન થાય છે. ભાવભાસન થતાં ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય છે. ૨૧૦ નંબરનો બોલ આપણે આવી ગયો. એટલે પુરુષાર્થ જાગૃત થાય છે અને ત્યારપછી એને અનુભવ થવાનો અવસર આવે છે. એને ચેતનાગુણથી ભિન્ન પડ્યો એમ કહેવામાં આવે છે. વિષય તો ઘણો છે, વિશેષ લઈશું...

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૫૮ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૩૦-૫-૧૯૮૩, પ્રવચન નં.૧૧૫ (વિષય : વિધિ)

**સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે, બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે. ૨૫૮.**

આ 'મોક્ષ અધિકાર'નો કળશ છે. અને મોક્ષનું કારણ જે ભેદજ્ઞાન કે જે ભેદજ્ઞાનની વિધિનો અહીંયાં વિસ્તાર કર્યો છે. સમ્યગ્દષ્ટિ ભેદજ્ઞાન કેવી રીતે કરે છે એનો પ્રકાર વર્ણવીને તે પદ્ધતિ અને તે રીત કોઈપણ જીવ અપનાવે તો એ પણ મિથ્યાદષ્ટિ મટીને સમ્યગ્દષ્ટિ થાય. એની પર્યાયમાં પણ એટલું પર્યાયાંતરપણું મોટો

ફેરફાર થાય એ વર્ણન કરવાનો અહીં હેતું છે. એમ વિચારવાયોગ્ય નથી કે સમ્યગ્દૃષ્ટિને એમ થાય, સમ્યગ્દૃષ્ટિ એમ કરી શકે. આપણે તો મિથ્યાદૃષ્ટિ, તેથી આપણને કોઈ એ રીત ને એ વિધિ ન ફાવે એમ વિચારવા યોગ્ય નથી. વર્ણન કરવાનું કારણ, પર્યાયનું વર્ણન કરવાનું કારણ, એ રીત અને વિધિ બતાવવી છે કે જેથી એનું અનુકરણ કરી શકે. એટલી વાત છે. અનુકરણ કરી શકે. **'સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન...'**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયનું વર્ણન કરવાનો હેતુ એ છે કે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પર્યાયમાં કઈ વિધિથી કામ કરે છે ? સ્વકાર્ય કરવાની રીત શું છે ? એ બતાવવાનો હેતુ એટલો છે કે એવું અનુકરણ કરીને મિથ્યાદૃષ્ટિ પણ સમ્યગ્દૃષ્ટિ થઈ શકે. મિથ્યાદૃષ્ટિ હું છું એ તો સમ્યગ્દૃષ્ટિની વાત રહી, આપણે ન થઈ શકે, એ એમની વાત છે અને આપણી નથી એમ કરીને એણે અવગણવા જેવું નથી. પણ કહેનારનો જે આશય છે, હેતુ છે એ અનુસાર પોતે અનુસરણ કરે, અનુકરણ કરે તો પોતે પણ એવી રીત અને વિધિ પ્રાપ્ત કરીને સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. એવો હેતુ છે.

નહિતર કોઈને એવો વિચાર આવે છે. ક્ષયોપશમમાં તો અનેક પ્રકારે વિપર્યાસ થાય છે. પર્યાયની વાત જે કરે છે એને પર્યાયની મુખ્યતા થઈ ગઈ છે. દ્રવ્યની મુખ્યતાવાળા પર્યાયની બહુ વાત કરતા નથી. પણ એવું નથી. પર્યાયની વાત કરનારાને પણ દ્રવ્યની મુખ્યતા હોઈ શકે છે. પણ ત્યાં વાત કરવાનું પ્રયોજન અને હેતુ શું છે એટલું સમજવું જોઈએ.

**'સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે.'** સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાન કરે છે. તે તેની બુદ્ધિમાં ગ્રહણ થાય, બુદ્ધિમાં ગમ્ય થાય એવું એ ભેદજ્ઞાન કરે છે, એમ કહે છે.

મુમુક્ષુ :- આ જે જ્ઞાન લીધું અતિ સૂક્ષ્મ...

પૂજ્ય ભાઈશ્રી :- **'સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે...'** એટલે સૂક્ષ્મ એવા જ્ઞાનસ્વભાવને એ ગ્રહણ કરે છે અને એથી વિરુદ્ધ એવા વિભાવસ્વભાવથી એ દૂર જાય છે. જે વિષય સૂક્ષ્મ છે એને ગ્રહણ કરવા માટે એના સાધનને પણ સૂક્ષ્મ થવું પડે. આ મોતીનું દૃષ્ટાંત આવે છે ને ? કે ઝીણા મોતી છે એને પરોવવા માટે સમાણીથી પકડવા પડે. એમાં એરુ પકડવાનો સાણસો કામમાં આવે નહિ. કેમકે એ સ્થૂળ સાધન પડે છે. ઝીણી ચીજને પકડવા માટે ઝીણા Point વાળો ચીપિયો જોઈએ. એમાં સ્થૂળ-ઝાડા Point વાળો ચીપિયો કામમાં આવે નહિ. એમ સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવા માટે જ્ઞાન સૂક્ષ્મ થાય છે અને એવું સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન સૂક્ષ્મ થયેલું છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- આ જે સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કીધું, એ જ્ઞાન કયું લીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનનો પર્યાય. સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનનો પર્યાય સૂક્ષ્મ થઈને કામ કરે છે. સૂક્ષ્મ થઈને શું કામ કરે છે ? કે રાગ અને સ્વભાવ એ બંને વચ્ચેના જોડાણને તોડવાનું કામ કરે છે. કેમકે રાગ અને જ્ઞાન એનું જે એકત્વ થઈ રહ્યું છે એ ઘણું સૂક્ષ્મ થઈ રહ્યું છે. જેમ કે એ વાત વિચારનારને પણ એનું એકત્વ પકડવામાં આવતું નથી.

મુમુક્ષુજીવ રાગ અને જ્ઞાનના એકત્વમાં પરિણમી રહ્યો છે. હજી સમ્યગ્દર્શન નથી થયું. તે આ વિષયને વિચારમાં લઈ શકે છે પણ પોતાના જ ભાવને પકડી શકતો નથી. કેમ પકડી શકતો નથી ? કે એનું જ્ઞાન હજી સ્થૂળ છે. સમ્યગ્દૃષ્ટિનું જેટલું જ્ઞાન સૂક્ષ્મ થયું છે એટલું જ્ઞાન એને સૂક્ષ્મ થયું નથી. અહીંયાં **'તોપણ...'** એમ

કહીને એમ કહેવું છે કે એ સૂક્ષ્મ જ્ઞાન હોવા છતાં બુદ્ધિગમ્ય છે. એવું સૂક્ષ્મ નથી કે જે બુદ્ધિથી અગચોર છે. બુદ્ધિમાં આવતું નથી અને અબુદ્ધિપૂર્વક કામ કરે છે. એવું જ્ઞાન નથી. રાગ અને જ્ઞાનને ભિન્ન ભિન્ન કરવામાં, એ ભિન્ન પાડવામાં, ભિન્નપણાની પ્રક્રિયા થવામાં પોતાને ખ્યાલમાં આવે છે કે આ સ્વભાવ તે હું અને આ રાગાદિ વિભાવ તે હું નહિ, એવું બુદ્ધિમાં આવે છે. આ ભેદજ્ઞાન એવું નથી કે જે બુદ્ધિગોચર નથી અને કેવળજ્ઞાનગોચર છે. એમ નથી, એમ કહેવું છે. '**તોપણ...**' કહીને એમ કહેવું છે. સૂક્ષ્મ છે તોપણ બુદ્ધિગોચર છે. એમ લેવું છે. એટલે 'તોપણ' શબ્દ વાપર્યો છે.

'**સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે...**' ઘણું સૂક્ષ્મ જ્ઞાન છે. દેડકો, ચકલો હોય તોપણ, હોં ! તિર્યંચ પ્રાણી હોય, ઉઘાડ ઓછો હોય, બુદ્ધિ ઓછી દેખાતી હોય તોપણ એનું જ્ઞાન સૂક્ષ્મ છે. અંગ-પૂર્વધારી મિથ્યાદષ્ટિ હોય તોપણ જો ભેદજ્ઞાન અંદરમાં ન કરતો હોય તો એનું જ્ઞાન સ્થૂળ છે. આમ છે. અહીંયાં સ્થૂળ-સૂક્ષ્મનું જે ધોરણ છે, એનો આંક છે એ બીજી રીતે છે. બહારમાં લોકો બીજી રીતે એને સ્થૂળ-સૂક્ષ્મને સમજે છે કે ઓછી બુદ્ધિવાળા સ્થૂળબુદ્ધિ અને ઘણી બુદ્ધિવાળા સૂક્ષ્મબુદ્ધિ. એવું જે લૌકિક Standard છે એ અહીંયાં કામ આવતું નથી. અહીંયાં આખું બીજું ધોરણ છે.

અહીંયાં સ્વભાવને ગ્રહણ કરી શકે અને એ સ્વભાવને ગ્રહણ કરતાં સ્વભાવ અને વિભાવને જુદા પાડી શકે છે એનું જ્ઞાન સૂક્ષ્મ છે. પછી ગમે એટલી વિશાળ બુદ્ધિ હોય અને શાસ્ત્ર વાંચી વાંચીને ઝીણામાં ઝીણા ન્યાય ઉકેલતો હોય તોપણ જો અંદરમાં સ્વભાવ-વિભાવનું એટલે સ્વ-પરનું એકત્વ થાય છે, એ એકત્વમાં ભિન્ન ન પડી શકતો હોય અને એમ ને એમ એકત્વમાં (પરિણમતો હોય), એ મિથ્યાત્વ છે. અનાદિનું (મિથ્યાત્વ) ચાલુ રહેતું હોય તો એનું જ્ઞાન સ્થૂળ છે. એને અહીંયાં સૂક્ષ્મ જ્ઞાન કહેતાં નથી. અહીંયાં એવી વ્યાખ્યા છે. એ અર્થમાં લેવું અહીંયાં.

એ પ્રકારે '**સમ્યગ્દષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે...**' સૂક્ષ્મ ન લીધું, અતિ સૂક્ષ્મ છે એમ કીધું. અંદરમાં જે જ્ઞાનસ્વભાવ છે એમાં હુંપણું કરે છે. એને જુદો પાડે છે. રાગ અને સ્વભાવ બે વચ્ચે (સંધિ છે). રાગ છે એ વિભાવ છે. ચાલતો જે રાગ, ઉત્પન્ન થતો જે રાગ, તે રાગ અને સ્વભાવ એટલે જ્ઞાનસ્વભાવ-આત્મસ્વભાવ એ બે વચ્ચે સંધિ એટલે જોડાણ થઈ ગયું છે. બે વચ્ચે જોડાણ થઈ ગયું છે એટલે જ્ઞાન પોતે રાગાદિ જ્ઞેય જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં તે જ્ઞેયમાં એકપણું કરે છે, પોતારૂપપણું કરે છે, પોતાનો અનુભવ કરે છે એને સંધિ કહેવામાં આવી છે. સંધિ એટલે જોડાણ.

મને ઠંડું લાગ્યું, મને ગરમ લાગ્યું. એ છે એ પુદ્ગલ સાથેનું એકત્વ છે. અંદરમાં રાગ-દ્વેષ-મોહના વિકારી પરિણામ થાય એ વિભાવપરિણામ તે હું એવો જે અનુભવ, એને રાગ સાથેનું જોડાણ અને એકત્વ કહેવામાં આવે છે. એ જે રાગ અને પર સાથેનું એકત્વ છે એ જ જન્મ-મરણરૂપ પરિભ્રમણનું કારણ છે. એકત્વ તૂટ્યું એ પ્રથમ શુદ્ધોપયોગ થતાં એકત્વ તૂટે છે. એ શુદ્ધોપયોગ ભેદજ્ઞાનના પ્રયત્ન દ્વારા પ્રગટે છે અથવા ભેદજ્ઞાનના પ્રયત્નનું ફળ શુદ્ધોપયોગ છે. એ શુદ્ધોપયોગ પૂરો થયા પછી પણ ભેદજ્ઞાન ચાલુ રહે છે, ભેદજ્ઞાનરૂપ પ્રયત્ન અને પુરુષાર્થ વધતો હોવાથી વારંવાર શુદ્ધોપયોગ સાધકને ઉત્પન્ન થાય છે. એટલે કે એની દશા કેળવાતી કેળવાતી ઓછા અંતરાળે, ઓછા અંતરે એને શુદ્ધોપયોગ પ્રગટ થાય એવી સ્થિતિમાં સાધક વિકાસ કરે છે, આગળ વધે છે. અને મુનિદશા અંગીકાર કરે એવી હદે એનો પુરુષાર્થ પહોંચે ત્યારે એને ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગ પ્રગટે છે, એને

મુનિદશાનું ભાવલિંગ કહેવામાં આવે છે-ભાવચિહ્ન કહેવામાં આવે છે. એવી દશા હોય તે મુનિ છે અથવા તે ભાવલિંગી મુનિ છે એમ કહેવાય છે. પછી એ જે ક્ષણે ક્ષણે વિભાવ ઉત્પન્ન થાય છે એ પણ વિભાવના કાળમાં જ ભેદજ્ઞાન ચાલુ હોવાથી એ આંતરો તૂટીને પણ ઉપરના ગુણસ્થાનમાં શુદ્ધોપયોગમાં આરૂઢ થાય છે અને જો અંતર્મુહૂર્ત સ્થિર રહી જાય તો એને કેવળજ્ઞાન અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. આ એના કાર્ય કરવાની પદ્ધતિનો વિષય છે. આખો પર્યાયનો વિષય છે પણ કઈ રીતે એ કાર્ય કરે છે એ પદ્ધતિનો વિષય છે.

અહીંયાં તો વિષય એ લેવો છે કે મિથ્યાદૃષ્ટિ જીવ એકત્વને કઈ રીતે તોડે ? એમ સમજે કે આ અતિસૂક્ષ્મ છે અને કેવળજ્ઞાનગોચર કાર્ય કરે છે. આમાં તો આપણું કામ નહિ. આપણે કેવી રીતે કરી શકીએ ? એવું નથી. એટલે એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિને બુદ્ધિગોચર થાય છે. એની બુદ્ધિમાં સમજાય અને ખ્યાલ આવે એવું ભેદજ્ઞાન થાય છે આ. ભલે સૂક્ષ્મ છે પણ એ અપેક્ષિત, મર્યાદિત રીતે સૂક્ષ્મ છે. બુદ્ધિમાં ન ગ્રહણ થાય એવું કાંઈ સૂક્ષ્મ નથી. કેવળજ્ઞાનગોચર હોય એવું કાંઈ સૂક્ષ્મ નથી, એમ કહેવું છે.

'**રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં...**' એટલે એ બંનેના સ્વભાવ જુદાં જુદાં છે એમ જ્ઞાનનું જાણવું થાય છે એ એનો સંધિ વચ્ચેનો પ્રવેશ છે. આ બિલકુલ બુદ્ધિગોચર વિષય છે એમ કહેવા માગે છે. '**પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે.**' શરૂઆત પણ બુદ્ધિગોચર ભેદજ્ઞાનથી છે અને એ બુદ્ધિગોચર ભેદજ્ઞાન જ ચાલુ રહે છે. અબુદ્ધિપૂર્વકનો વિષય ન લેવો, એમ કહેવું છે. બરાબર બુદ્ધિમાં ગમ્ય થાય એવો આ વિષય છે.

એટલે પોતામાં અને પોતાના પરિણામમાં આ જ્ઞાનથી આ રાગ-વિભાવ જુદો, એવું જ્ઞાન અંદરના એકસાથે ઉત્પન્ન થતાં બે પરિણામની જાતિને જુદી પાડે, એ જ્ઞાન બીજી ઉપાધિથી વ્યાવૃત, નિવૃત્ત થઈને, ધીરું થઈને, પોતાના સ્વભાવની સાવધાનીમાં આવીને, સાવધાન થઈને પોતે જ્ઞાનગુણ-ચેતનાગુણમયપણે છે. આગળ એ વિષય લઈ લીધો. ૨૫૪. '**ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે.**' પોતે ચેતનાસ્વભાવસ્વરૂપે છે એવી જાગૃતિમાં અને સાવધાનીમાં વર્તતું જ્ઞાન છે એ જ્ઞાન રાગથી અંદરમાં ધીરું, સાવધાન થઈને જુદું પડી જાય છે. એટલે પોતે પોતાને અનુભવવા લાગે છે.

અવલંબનમાં એને પોતાનું ત્રિકાળી પરિપૂર્ણ શુદ્ધાત્મ સ્વરૂપ છે, વેદનમાં પોતાનો જ પરિણમતો ભાવ છે, વેદનગોચર થાય છે અને વિભાવથી છૂટું એ જ્ઞાન પરિણમે છે. વિભાવ સાથે તન્મય થઈને એ જ્ઞાન પરિણમતું નથી. રાગની તન્મયતા સહિત અને પરસંયોગની તન્મયતા સહિતનું જે પરિણમન છે એમાં અને આ પરિણમનમાં મોટો ફેર છે. એક સંસારગત પરિણમન છે અને એક મોક્ષગત પરિણન છે. ગત એટલે એની ગતિ, એની દિશા. એક સંસારની દિશામાં જતું પરિણમન છે, જે રાગ અને પર સંયોગ સાથે, શરીરાદિ સાથે એકત્વભાવે પરિણમે છે અને જે અંદરમાં ભિન્ન પડે છે, ચેતનાગુણમયપણે પોતાને સાવધાનીથી ગ્રહણ કરીને અંદરમાં ભિન્ન પડે છે એટલે પોતાને એકલો જ્ઞાનમયપણે અનુભવે છે, જ્ઞાન એકલા જ્ઞાનને અનુભવે છે, જ્ઞાન એકલા સ્વભાવને અવલંબે છે ત્યારે એને રાગ અને પરની સંધિ રહેતી નથી. અનાદિથી ચાલતી રાગ અને પરની સંધિ તૂટી જાય છે. એ જોડાણ તૂટી જાય છે. સાધકજીવને એક ભાષામાં...

મુમુક્ષુ :- ... ચાલતી પર્યાયમાં ભેદજ્ઞાન કરવું હોય

તો બુદ્ધિપૂર્વક .. મને રોગ નથી થયો.

પૂજ્ય ભાઈશ્રી :- મને રોગ થયો નથી પણ રોગ તે મારું મૂળ સ્વરૂપ નથી. આ રોગ છે તે રોગ છે અને રોગ છે તે મારું મૂળ સ્વરૂપ નથી. એટલે હું તો રોગી જ છું અને રોગી જ રહું ને રોગી જ હોઉં ને ! એમાં અને આ રોગ મટાડવા જેવો છે એમ બે વાતમાં ઘણો ફેર છે. એક પોતાને એ સ્વરૂપે માનતાં પોતાના મૂળ સ્વરૂપને વિસ્મૃત કરે છે. એ તદ્દન ઉલટી સ્થિતિ છે. અને એક પોતાના મૂળસ્વરૂપના ભાનમાં રહેતા રોગનું જ્ઞાન કરે છે એ બીજી સ્થિતિ છે આખી. રોગનું જ્ઞાન થવું અને રોગીષ્ટ, જેવો રોગ છે એવો જ હું છું–એ બે વાતમાં તો મોટો ફેર છે.

જેમ કોઈ માણસને ભૂત વળગે છે. ત્યારે એ ભૂતાવિષ્ટ પુરુષ છે. આવે છે ? 'સમયસાર'માં દૃષ્ટાંત આવે છે. ભૂતાવિષ્ટ પુરુષ છે. તો એને શું છે ? કે જેવી એણે કલ્પના કરી છે કે ફલાણા-ફલાણા પ્રકારનું ભૂત મને વળગ્યું. એ પહેલા ઘણી એની વિચારની પરિસ્થિતિ ચાલે છે. એ તો જેને વળગ્યું હોય એને ખબર હોય. પણ આપણે Psychologycally સમજી શકીએ એવું છે કે એની માનસિક પરિસ્થિતિ શું હોય ? એ ઘણી એવી કલ્પનામાં, વિચારોમાં ઘણાં વખત સુધી એમ ને એમ ઘૂંટાતો... ઘૂંટાતો... ઘૂંટાતો... ઘૂંટાતો... પછી કોઈ એવો એક પ્રકાર બને, જેમ વા વાયો અને નળિયું ખસ્યું, એ ભૂત આવ્યું, એ મને વળગ્યું. એ પરિસ્થિતિમાં એ આવી જાય. કાંઈક એવો એને ખોટો આભાસ થાય અને એને એવું પરિણમન દૃઢ થઈને બેસી જાય કે મને ભૂત વળગ્યું છે. એ મને ભૂત વળગ્યું છે એમાં મને વળગ્યું છે એ ભૂલી જાય. એ ભૂતરૂપે જ બધી ચેષ્ટા કરવા માંડે છે. જેવી અમાનુષી ચેષ્ટા ભૂત કરે અને એ અમાનુષી ચેષ્ટાના એણે વિચાર વગેરે કર્યા છે એવું જ એ કરવા લાગી જાય છે. કેમકે મને ભૂત વળગ્યું છે એવું એ ભૂલી જાય છે. પોતે ભૂતરૂપે જ પ્રવર્તવા લાગે છે. મનુષ્યોચિત પછી એનો વ્યવહાર રહેતો નથી. આ પરિસ્થિતિ થાય છે ને ?

એમ આત્મા પોતાને મૂળમાં ભૂલ્યો છે અને કર્મના ઉદય પ્રસંગે હું મનુષ્ય છું, શરીરધારી છું, શરીરવાળો છું, રાગવાળો છું, સંયોગવાળો છું (એમ) અનેકવિધ પ્રકારે એણે ઊંધી માન્યતાના ગંજ ખડક્યા છે એ બધું એને મિથ્યાત્વનું ભૂત વળગ્યું છે, દર્શનમોહનું ભૂત છે. જગત આખાના જીવોને એ દર્શનમોહનું ભૂત નચાવે છે. આવે છે 'સમયસાર'માં ? એ ભૂતડું નચાવે એમ બધા નાચે છે. બીજું કાંઈ નથી.

હવે અહીંયાં વિચાર કરવા જેટલો હળવો થયો કે મૂળ સ્વરૂપ કાંઈક બીજું છે અને આ કાંઈક પરિસ્થિતિ બીજી છે ત્યારે એને એના એકત્વથી છૂટવું છે, એની અસરથી છૂટવું છે, તે પ્રકારના મોહાવિષ્ટપણાથી છૂટવું છે ત્યારે એને મૂળ સ્વરૂપ ઓળખીને, લક્ષ કરીને, રુચિ કરીને, જ્ઞાન કરીને એના ઉપર એનું એકદમ વજન ચાલ્યું જવું જોઈએ. જો ઓળખે તો રુચિ થાય અને રુચિ થાય તો એનું પુરુષાર્થનું બળ રુચિ અનુયાયી વળ્યા વિના રહે નહિ. આમ છે.

મુમુક્ષુ :- પોતાને ઓળખવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એણે પોતાને ઓળખવો જોઈએ. પછી એને એ ખ્યાલ આવે છે કે આ રોગ છે, આ રાગ છે તે રોગ છે. અને તે રોગનું આ નિદાન છે અને આ એનો ઉપાય છે. રોગનું નિદાન કરવામાં આવે છે કે કેમ રોગ થયો ? કારણ શોધવામાં આવે છે. એનો ઉપાય વિચારવામાં આવે છે કે આ રીતે રોગ મટે. ત્યારે એ રોગમાં હું રોગી એવું હું રોગી... હું રોગી.. હું રોગી... એમ કાંઈ ઘૂંટતો નથી. પણ રોગનું જ્ઞાન થવા છતાં એ રોગ આમ મટે એના એ ઉપાયમાં લાગેલો રહે છે. એમ વાત છે.

**વધુ આવતા અંકમાં....**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથમાંથી
## 'પ્રમાણનો વિષય' વિષયક વચનામૃતો

### પ્રમાણનો વિષય

નિર્વિકલ્પ થતાં જ પોતાનામાંથી જ એક જ્ઞાન ઉઘડે છે, જે બન્ને (સામાન્ય વિશેષ) પડખાંને સહજ જાણી લ્યે છે, તેને પ્રમાણ જ્ઞાન કહે છે. (૩)

❋

પરિણામ અને ત્રિકાળ-અપરિણામી એમ બે થઈને જ આખી એક વસ્તુ છે, જે પ્રમાણનો વિષય છે. વેદાંત-આદિ તો એકલો નિષ્ક્રિય-નિષ્ક્રિય કહે છે, તેઓ પરિણામને માનતા જ નથી; તેથી નિષ્ક્રિય પણ જેવો છે તેવો તો તેમની માન્યતામાં આવતો જ નથી. અહીં તો પરિણામ ને ગૌણ કરીને નિષ્ક્રિય કહેવામાં આવે છે. (૪)

❋

(જેમ) એક ચક્રને અનેક પાસા છે, બધા પાસા અલગ અલગ ડીઝાઈનના છે, જ્યારે એક પાસાની વાત ચાલતી હોય ત્યારે બીજા પાસાની વાત નહિ સમજવી જોઈએ. તેમ વસ્તુના અનેક ધર્મોમાંથી ભિન્ન ભિન્ન ધર્મોની વાત ચાલતી હોય ત્યારે એક બીજામાં ગોટાળો નહીં થવો જોઈએ. (૫)

❋

પોતાના દ્રવ્યમાં દૃષ્ટિ તાદાત્મ્ય થતાં જ જ્ઞાન પ્રમાણ થઈ જાય છે, ત્યારે જ્ઞાન (અન્ય) બધી વાતો (યથાર્થપણે) જાણી લે છે. (૪૩)

❋

પ્રશ્ન : જામી જવું તે પણ પર્યાય જ છે ને ?

ઉત્તર : અરે ભાઈ, આખરે કાર્ય તો બધું પરિણામમાં જ આવશે. પરિણામથી ન ગભરાઓ. પરિણામ પર ઊભા ન રહો. કાર્ય તો પરિણામમાં જ આવે છે. અપરિણામીમાં જામી ગયો તો કાર્ય તો પરિણામમાં જ આવશે, અને વેદન પણ પર્યાયનું જ થશે. અપરિણામી અને પરિણામ બે અંશ થઈને આખી (પ્રમાણજ્ઞાનની વિષયભૂત) વસ્તુ છે. (૧૮૭)

❋

પોતાના દ્રવ્યમાં દૃષ્ટિનું તાદાત્મ્ય થતાં જ જ્ઞાન પ્રમાણ થઈ જાય છે. આ રીતે પ્રમાણ થયેલું જ્ઞાન બધી વાતો જાણી લે છે. (પોતાની આંશિક શુદ્ધિ, અશુદ્ધિ અને એને નિમિત્ત આદિ બધાને, પ્રમાણ જ્ઞાન જાણી લે છે.) (૫૨૪)

❋

પ્રમાણથી દ્રવ્ય પર્યાયનો કર્તા છે. નિશ્ચયથી (ત્રિકાળી) દ્રવ્ય પર્યાયનો કર્તા નથી. (૬૦૭)

❋



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** જીવને જેવો જેવો કર્મનો ઉદય આવે તેવું થાય તેમાં પોતે શું કરી શકે ?

**સમાધાન :–** બહારના સંયોગો મળવા, પૈસા મળવા, આ બધું મળવું તેમાં પુણ્ય-પાપ કારણ છે. પણ અંદરમાં જે રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ થાય છે તે કર્મો નથી કરાવતાં, કર્મ તેમાં નિમિત્ત છે. જો રાગ-દ્વેષ કર્મ કરાવે તો પોતે પરાધીન થઈ ગયો. તો આપણે કોઈને એમ ન કહી શકીએ કે તું રાગ કર મા, દ્વેષ કર મા. તો ઉપદેશ કેવી રીતે અપાય કે તું દોષ કર મા ? તું અહીંથી પાછો વળ, તું આમ કર મા, એમ કેવી રીતે કહી શકાય ? પોતે જ દોષ કરે છે ને પોતે જ પાછો વળે છે. માટે પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે. પોતાના પરિણામ જે થાય છે તે કરવામાં પોતે સ્વતંત્ર છે; પોતાના પરિણામ કેમ કરવાં તે પોતાના હાથની વાત છે, પણ બહારમાં જે ઉદયો આવે-જેમ કે શરીરમાં રોગ આવે, અશાતા વેદનીય આવે, કોઈને ધન મળે, કોઈને ન મળે-તે બધાને પોતે ફેરવી નથી શકતો. કોઈને ધંધો સારો મળે, કોઈને ન મળે તે ફેરવી નથી શકતો; પણ પોતાના ભાવને પોતે કરી શકે છે. રાગ-દ્વેષ કેટલા કરવા અને કેમ કરવા તે પોતે કરી શકે છે. તો જેમ રાગ-દ્વેષ કરી શકે છે તેમ પોતે શાંતિ પણ રાખી શકે છે. ગમે તેવા સંયોગો આવે તો પણ આકુળતા ન કરવી, બહુ ખેદ ન કરવો.

તેણે જેમ કરવું હોય તેમ તે કરી શકે છે. પોતે પોતાનો સ્વભાવ ઓળખવો, વિભાવથી છૂટું પડવું, આત્મામાં જવું, તે બધું પોતે સ્વતંત્રપણે કરી શકે છે. ભાવ કરી શકે છે, પણ બહારનું નથી કરી શકતો. બહાર બધું પુણ્યાધીન છે, પણ આ રાગ-દ્વેષ ટાળીને અંતરમાં જવું તે સ્વાધીન છે. જો જીવ રાગ-દ્વેષ પણ ટાળી ન શકે તો પરાધીન થઈ જાય. રાગ કર્મ કરાવે, દ્વેષ કર્મ કરાવે, હવે હું શું કરું ? આમ જો પોતે કાંઈ ન કરી શકતો હોય તો ઉપદેશ નકામો જાય. આચાર્યો પણ એમ કહે છે કે તું રાગ-દ્વેષ કર મા, તું વિકલ્પ કર મા, તું શાંતિ રાખ. તે બધો ઉપદેશ વ્યર્થ જાય. માટે પોતે પરિણામ કરી શકે છે, પોતે શાંતિ રાખી શકે છે. કર્મ જ બધું કરાવતું હોય તો ઉપદેશ શાને માટે ? કર્મ જીવના ભાવને કરાવી શકતું નથી. પોતે રાગ-દ્વેષમાં જોડાય છે તે પોતાના હાથની વાત છે. મૂળ સ્વભાવ ઓળખીને પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૭)**

**પ્રશ્ન :–** આત્માનો સાક્ષાત્કાર કરવામાં ટાઈમ લાગે તો અમારે શું કરવું ?

**સમાધાન :–** જ્યાં સુધી રાગ-દ્વેષ-મોહમાં રોકાણો છે ત્યાં સુધી ટાઈમ લાગે. માટે જ ગુરુ અને આચાર્યો કહે છે કે તું પુરુષાર્થ કરીને તારી તરફ જા. તું ભેદજ્ઞાન કર. આ રાગ તે તારું સ્વરૂપ નથી, દ્વેષ તે તારું સ્વરૂપ નથી, તું તેનાથી જુદો છે. તું જાણનારો છો, રાગાદિનો જ્ઞાતા થઈ જા, સાક્ષી થઈ જા, તે તારું સ્વરૂપ નથી. તું પુરુષાર્થ કર એટલે જે વિકલ્પો છે તે શાંત થઈ જશે. ભેદજ્ઞાન કરીને આગળ જા. પહેલાં રાગ-દ્વેષ છૂટી નથી શકતા. તેનાથી ભેદજ્ઞાન થાય ને સ્વભાવ ઓળખે કે આ મારો સ્વભાવ છે. આ બધા કષાયો મારાથી જુદા છે, હું તેનાથી જુદો છું એમ ભેદજ્ઞાન કરે. પછી ધીરે ધીરે પુરુષાર્થ કરીને તેમાં લીનતા કરતો કરતો સ્વાનુભૂતિની ઉગ્રતા કરે છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૮)**

**પ્રશ્ન :–** આત્મસાક્ષાત્કાર માટે કાંઈ છોડવું જોઈએ ?

**સમાધાન :–** બહારનું છોડવું જોઈએ એમ નથી. જ્યારે યથાર્થ મુનિદશા આવે છે ત્યારે બહારનું છૂટી જાય છે. તે પહેલાં તેને યથાર્થ જ્ઞાન થાય. આત્માને ઓળખે, તેમાં એકાગ્ર થાય તે બધું ગૃહસ્થાશ્રમમાં થાય. તે તેની રુચિ ફેરવી શકે છે; કારણ કે ભાવ ફેરવવા પોતાના હાથની વાત છે. બહારમાં ગૃહસ્થાશ્રમ હોય તો પણ અંતરની રુચિ ફેરવી નાખવી કે આ જે અનેક જાતના વિકલ્પો આવે છે તે મારું સ્વરૂપ નથી, હું તેનાથી જુદો છું. ગૃહસ્થાશ્રમમાં એટલું કરીને પોતાના સ્વભાવને ઓળખી શકે છે. હું ચેતન છું. મારામાં આનંદ છે, વિભાવમાં આનંદ નથી એવું ભેદજ્ઞાન કરી વિકલ્પ તોડીને સ્વાનુભૂતિ કરી શકે છે. આવું ગૃહસ્થાશ્રમમાં કરી શકે છે. પછી સ્વાનુભૂતિ વધતાં વધતાં તેને ત્યાગ થઈ જાય છે. ગૃહસ્થાશ્રમમાં સ્વાનુભૂતિ કરી પ્રથમ અંતરથી ન્યારો થઈ જાય છે. આગળ ચક્રવર્તીઓ ગૃહસ્થાશ્રમમાં રહીને આત્માની સ્વાનુભૂતિ કરતા હતા. ક્ષણવાર આત્માનું ધ્યાન થાય એવું ગૃહસ્થાશ્રમમાં તેમને થતું હતું. **(સ્વાનુભૂતિદર્શન-૪૩૯)**

**પ્રશ્ન :–** આપના પૂર્વભવોના જાતિસ્મરણજ્ઞાન વિષે થોડું કહેવાની કૃપા કરો.

**સમાધાન :–** પૂર્વ જન્મ છે. આ જીવ ક્યાંકથી આવે તો છે. કોઈ રાજા થાય છે, કોઈ રંક થાય છે, કોઈ રાજાને ઘરે જન્મે છે, કોઈ રંકના ઘરે જન્મે છે, તેનું કાંઈ કારણ છે. કુદરત કાંઈ અન્યાયવાળી તો ન હોય. કોઈ તો રાજાને ઘરે જન્મે, કોઈ રોગી થાય, કોઈ નિરોગી થાય. આવા બધા ફેરફારો થાય તેમાં એ સાબિત થાય છે કે આ જીવ પૂર્વે હતો, અને ત્યાંથી આવેલો છે. આ બધાં તેના પૂર્વનાં કર્મને લઈને ફેરફારો છે. જીવ પૂર્વે અનેક જાતનાં જન્મ-મરણ કરતો કરતો અહીં આવેલો છે તે તો ચોક્કસ છે. બાકી વ્યક્તિગત વાત તો શું કહેવી ? પૂર્વે જીવ હતો અને ત્યાંથી જ અહીં આવેલો છે. પૂર્વમાં અનેક ભવ કરતો આવ્યો છે. દેવના, મનુષ્યના એમ અનેક ભવ કરતો જીવ અહીં આવ્યો છે. તેના ભાવ પ્રમાણે પુણ્ય-પાપના ઉદયો આવે છે તેમાં અત્યારે ભરતક્ષેત્રમાં તો ધર્મનો કાળ છે. ગુરુદેવ અહીં બિરાજતા હતા તેમના પ્રતાપે આટલો ધર્મનો પ્રચાર થયો છે. તેમણે બધો માર્ગ બતાવ્યો છે.


આ જગત ઉપર એક મહાવિદેહક્ષેત્ર છે. ત્યાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે. તેમની નિરંતર દિવ્યધ્વનિ છૂટે છે. ઘણાય જીવો વાણી સાંભળે છે. તેમાંથી કેટલાક જીવો સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ પામે છે તો કોઈ કોઈ મુનિદશાને પ્રાપ્ત કરે છે. સાક્ષાત્ ભગવાન વિદેહક્ષેત્રમાં કેવળજ્ઞાનપણે પૂર્ણદશામાં બિરાજે છે. આ ભરતક્ષેત્રની અંદર તો બહુ મુશ્કેલી થઈ ગઈ છે. અત્યારે સંત પુરુષો મળવા મુશ્કેલ છે. એક ગુરુદેવ આ પંચમકાળમાં બિરાજતા હતા. તેમનાથી કેટલાય જીવોને સાચો માર્ગ મળ્યો છે.

**(સ્વાનુભૂતિદર્શન-૪૪૦)**

**પ્રશ્ન :–** શ્રીમદ્ રાજચંદ્ર વિષે આપ બે શબ્દો કહેવા કૃપા કરશો.

**સમાધાન :–** શ્રીમદ્ રાજચંદ્ર સમ્યગ્દૃષ્ટિ હતા, સ્વાનુભૂતિ પામેલા હતા. તેઓ નાનપણથી જ વૈરાગી હતા. વિચારશક્તિ તીવ્ર હતી. તેમનું જ્ઞાન ઘણું હતું. ગૃહસ્થાશ્રમમાં રહેતા હતા, પણ ન્યારા રહેતા હતા. સ્વાનુભૂતિ ગૃહસ્થાશ્રમમાં પ્રગટ થયેલી હતી. **(સ્વાનુભૂતિદર્શન-૪૪૧)**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ-૨૦૧૫)નું શુલ્ક શ્રીમતી મનિષાબેન હેમંતભાઈ શાહ, મુંબઈ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




૩૯૬

મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮

**'અન-અવકાશ એવું આત્મસ્વરૂપ વર્તે છે; જેમાં પ્રારબ્ધોદય સિવાય બીજો કોઈ અવકાશજોગ નથી. તે ઉદયમાં ક્વચિત્ પરમાર્થ ભાષા કહેવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા લખવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા સમજાવવારૂપ જોગ આવે છે. વિશેષપણે વૈશ્યદશારૂપ જોગ હાલ તો ઉદયમાં વર્તે છે; અને જે કંઈ ઉદયમાં નથી આવતું તે કરી શકવાનું હાલ તો અસમર્થપણું છે. ઉદયાધીન માત્ર જીવિતવ્ય કરવાથી, થવાથી, વિષમપણું મટ્યું છે'...'પૂર્વોપાર્જિત એવો જે સ્વભાવિક ઉદય તે પ્રમાણે દેહસ્થિતિ છે; આત્માપણે તેનો અવકાશ અત્યંતાભાવરૂપ છે.'**

કૃપાળુદેવને આત્મામાં અનઅવકાશપણે (ધારાવાહીપણે, અત્રુટકપણે) આત્મસ્વરૂપ પ્રગટપણે વર્તે છે. તેનું બળવાનપણું એવું છે કે પ્રારબ્ધઉદયની મર્યાદામાં જ બાહ્યભાવ થાય છે, તેથી વિશેષ કંઈ પણ કરી શકવાની શક્તિ જ નથી; અર્થાત્ બાહ્ય કાર્યો કરવામાં પરિણામ પાછાં પડે છે. આવી પડેલા ઉદય-કાર્ય સિવાય, અન્ય વિકલ્પ થવાનો અવકાશ નથી.

ઉદયમાં ક્યારેક પરમાર્થ વિષયક ભાષા કહેવારૂપ, લખવારૂપ કે સમજાવવારૂપ ઉદયજોગ ઉત્પન્ન થાય છે. વિશેષપણે તો વેપારદશારૂપ જોગ હાલમાં ઉદયમાં વર્તે છે, તે બાબતમાં જેવો પૂર્વકર્મનો ઉદય આવે તે સંબંધી વિશેષ વિકલ્પો ન કરતાં, ઉદય અનુસાર જીવિતવ્ય રાખવું અને તેમાં સમભાવે વર્તવું થાય છે. તેમ થવાથી સહજપણે વિષમપણું મટ્યું છે. દેહસ્થિતિ પૂર્વકર્મના ઉદય અનુસાર સ્વાભાવિકપણે છે, તે પરપણે જણાય છે, સ્વપણાનો તેમાં જરા પણ અનુભવ થતો નથી. દેહમાં આત્માપણું ભાસે તેવો અવકાશ જ નથી;-આ પ્રકારે આત્મભાવ વર્તે છે. ધન્ય દશા !


## 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશ સ્થળ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | ભગવતી ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : | શ્રી હીરાલાલ જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, હીરાલાલ જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોક્ત વિવરણ સત્ય છે.

**તા. ૩૧ માર્ચ, ૨૦૧૫** **હીરાલાલ જૈન**

**મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.**